## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




અમે અવિશ્વાસનો પ્રસ્તાવ માટે વિચારીએ છીએ અને પ્રજા અતિવિશ્વાસનો પ્રસ્તાવ લાવશે તો ...!!

# સેકટર-૮ મહિલા અધિકારીના બંધ મકાનમાંથી રૂ.૧.૨૦ લાખની ચોરી

ગાંધીનગર, તા.૨૭

શહેરના વીઆઈપી સેકટર-૮ ના રહેણાંકના બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી તરખાટ મચાવ્યો છે. મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી પુજા રૂમના લાકડાના કબાટના ડ્રોવરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૧.૨૦ લાખ મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરના સેકટર-૮ સરકારી મકાન ગ-૧ ટાઈપ બ્લોક નં.૬૯૨-૪ ખાતે સરદાર સરોવર નર્મદા નિગમની કચેરી ખાતે મેનેજર લેન્ડ તરીકે ફરજ બજાવતા મહિલા અધિકારી તૃપ્તિબેન ઉપાધ્યાય રહે છે. ગત તા.૯ જુલાઈના રોજ સાંજના સમયે તૃપ્તિબેન ઘર બંધ કરી અમદાવાદ, રાજકોટ અને વડોદરા ગયા હતા. ગત મોડીરાત્રે મહિલા અધિકારી ઘરે આવતા ઘરના મુખ્ય અને અંદરના દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં જોઈ તેઓ ચોંકી ઉઠ્યા હતા.

ઘરમાં જઈ તપાસ કરતા રૂમમાં સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. જયારે પૂજા રૂમમાં આવેલા લાકડાના કબાટના ડ્રોવરમાંથી બે નંગ સોનાની વીંટી, બે જોડ સોનાની બુટ્ટી, એક જોડ ચાંદીની ઝાંઝરી, તેમજ રૂ.૫ હજાર રોકડ મળી કુલ રૂ.૧.૨૦ લાખનો મુદ્દામાલ ચોરી તસ્કરો પલાયન થઈ ગયા છે. સરકારી મકાનમાં ચોરી થતા આસપાસના વસાહતીઓમાં ડરનો માહોલ જોવા મળ્યો છે.

બનાવ અંગે મહિલા અધિકારીએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ડોગ સ્કવોડ અને ફીંગર પ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આસપાસના વિસ્તારના સીસીટીવી ફુટેજ સહિતની ચકાસણી શરુ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● કડી સર્વ વિદ્યાલય દ્વારા સેક્ટરોના ભૂલકાઓ માટે આજથી મીની ટ્રેનની સફર શરૂ કરાઈ છે. આજે પ્રથમ દિવસે જ સે. ૨૨માં બાળકોને લઈ આ ટ્રેઈન નીકળી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે બપોરના વરસાદી ઝાપટા પછી બફારો-ઉકળાટ અસહ્ય બન્યા હતા.

● ગાંધીનગરમાં આજકાલ ફરાળી વાનગીઓના વેચાણની ઘરાકી વધુ જામી છે.

● ગાંધીનગરમાં મોડી સાંજે આઈપીએસ અધિકારીઓની કરાયેલી બદલીઓ લોકજીભે ચર્ચાતી સાંભળવા મળી હતી.

● રાજ્ય સરકારે ૨૩ નાયબ સચિવોને સંયુક્ત સચિવ પદે બઢતી આપતા હુકમો જારી કર્યા છે.

● સચિવાલયમાં કર્મચારીઆલમમાં આજે બઢતી બદલીના મુદ્દા ચર્ચામાં સાંભળવા મળ્યા હતા.

● ૮મી ઓગષ્ટના રોજ સ્વ. કીરીટ ભાવસાર પરિવાર તરફથી ઉમિયા માતા સંસ્થાન સે. ૧૨ ખાતે અશ્વિન પાઠકના સુંદરકાંડ પાઠનું આયોજન કરાયુ છે.

● ગાંધીનગર મનપાના કમિશનર જે.એન. વાઘેલાએ આજે સોશિયલ મિડિયાના અગ્રણીઓ સાથે બેઠક કરી હતી.

● ગાંધીનગર તાલુકાના વડોદરા ગામે પોલીસના દરોડા દરમ્યાન ૧૨ શકુનિઓ ઝડપાયા.

● દહેગામના બાવળાની મુવાડી વિસ્તારમાં કળયુગી પુત્રએ પૈસાની માંગણી કરી વૃદ્ધ પિતા પર હુમલો કર્યો.

● દહેગામના નવા થાંભલીયામાં ૨૮ વર્ષીય યુવકના આપઘાતના બનાવે ચકચાર જગાવી છે.

● ચિલોડા સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ચાર દિવસીય નશામુક્તિ શિબિર યોજાઈ.

● સે. ૬ની સરસ્વતી વિદ્યાલયમાં કારગીલ વિજય દિવસની ઉજવણી કરાઈ.

● સે. ૭ની જે.એમ. ચૌધરી વિદ્યાલયના પૂર્વ પ્રાથમિકના બાળકોએ છત્રી દિવસની ઉજવણી કરી હતી.

● રૂપાલ વરદાયિની શાળામાં રેઈની ડે ની ઉજવણી કરાઈ હતી.

● કલોલ તાલુકા સ્વાગતમાં ૨૫ જેટલા પ્રશ્નોનો નિકાલ કરાયો હતો.

● આજથી જિલ્લાફેર શિક્ષકોની બદલીના ત્રિદિવસીય કેમ્પનો પ્રારંભ મહુડી ખાતે થયો છે.

# વડોદરા ગામની સીમમાંથી બાજી માંડીને બેઠેલા ૧૭ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના વડોદરા ગામની સીમમાં લાઈટના અજવાળે જુગારની બાજી માંડીને બેઠેલા ૧૨ જુગારીઓને ડભોડા પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૭ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથકના હદ વિસ્તારમાં દારુ-જુગારની પ્રવૃતિઓ શોધી કાઢવા માટે પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે વડોદરા ગામની સમી ગુજરાતી શાળાની સામે આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો એકઠા થઈ પોતાના અંગત ફાયદા માટે જુગાર રમી રહ્યા છે.જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર રેઈડ પાડતા કેટલાક ઈસમો લાઈટના અજવાળે કુંડાળુ વળી જુગારની બાજી માંડીને બેઠા હતા. આ તમામને ચારે તરફથી કોર્ડન કરીને પોલીસે જે તે સ્થિતિમાં બેસી રહેવાની સુચના આપી પુછપરછ કરી હતી. પોલીસે જુગારીઓના નામ પુછતા કાનાજી ઉર્ફે ગનાજી સોમાજી ઠાકોર, શૈલેશજી કાળાજી ઠાકોર, કિશોરજી જીવણજી ઠાકોર, બાબુજી ગલાજી ઠાકોર, અરવિંદકુમાર નેનાજી ઠાકોર, કીરીટજી કાનાજી ઠાકોર, મહોતજી ચેહરાજી ઠાકોર, બાબુજી ભીખાજી ઠાકોર, ભરતસિંહ લાલસિંહ ઠાકોર, અનેદિનાજી હીરાજી ઠાકોર(તમામ રહે વડોદરા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૧૭ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સિવિલના વોર્ડ ઈન્ચાર્જની બઢતી સાથે બદલી થતા સન્માન સમારોહ યોજાયો



ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા રાજયની વિવિધ મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં વોર્ડ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા ૮૬ કર્મચારીઓની બઢતી સાથે બદલી કરવામાં આવી છે.જેમાં ગાંધીનગર હોસ્પિટલમાં ફરજ બજાવતા ૧૮ કર્મચારીઓની પણ બઢતી સાથે બદલી થઈ છે.જેથી હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગમાં આ કર્મચારીઓનો સન્માન સમારોહ યોજાયો હતો.જેમાં સિવિલના નર્સિંગ સ્ટાફના કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.



સતત વરસાદ પડતા હાલ મચ્છરોનો ઉપદ્રવ ખુબ વધી ગયો છે. મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાનો ડર હોવાથી મેલેરીયા વિભાગ દ્વારા મચ્છરોના લારવાના નાશ માટે ડોર ટુ ડોર ચેકીંગ કરવામાં આવી રહ્યુ છે અને પાણીની ટાંકીમાં દવા નાંખવામાં આવી રહી છે.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક મીટીંગમાં વિદ્યાર્થી સન્માન

ગાંધીનગર, તા. ૨૭

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગરની માસિક મિટીંગમાં તા. ૩૧-૭-૨૩ સોમવાર સાંજે ૫ વાગે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી, સેકટર-૭ ખાતે યોજાશે.

આ સભામાં સિ.સિ.કા.ના સભ્યોના ધો. ૧૦, ધો. ૧૨માં ઉત્તીર્ણ થયેલા પાલ્યોનું સન્માન કરવામાં આવશે. જેમાં સમયસર સભામાં પધારવા અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# પાલજ મહાકાળી ફાર્મ પાસે નાળીયામાંથી ૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના પાલજ ગામની સીમમાં આવેલા મહાકાળી ફાર્મ તરફ જતા કાચા નાળીયામાં ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા ચાર જુગારીઓને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસને જોતા જ જુગારીઓના રંગમાં ભંગ પડ્યો હતો અને દોડધામ મચી જવા પામી હતી. પોલીસે જુગારીઓના દાવ પરથી અને અંગજડતી દરમિયાન રોકડ રૂ.૧૧,૯૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પાલજ ગામ પાસે આવતા તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે પાલજ ગામની સીમમાં મહાકાળી ફાર્મ તરફ જતા કાચા નાળીયામાં કેટલાક શખ્સો જુગારની બાજી માંડી બેઠા છે. પોલીસે બાતમીવાળી જગ્યા પર રેઈડ પાડતા ગોળ કુંડાળુ વળી ચાર ઈસમો બેઠેલા નજરે પડ્યા હતા. પોલીસને જોઈ જુગારીઓમાં દોડવા લાગ્યા હતા. પોલીસે તમામ જુગારીઓનો કોર્ડન કરી પકડી પાડ્યા હતા.પોલીસે જુગારીઓના નામ પુછતા પાલજ ગ્રામ પંચાયતની પાસે રહેતા ઘનશ્યામજી હરદાજી ઠાકોર, પાલજ ગામના ભરતભાઈ શંકરભાઈ વાઘેલા, જીત બંગ્લોઝની સામે પાલજ ગામના સંદિપભાઈ રણછોડભાઈ રાવળ અને માતાજીના ચોકની સામે જીતેન્દ્રસિંહ કાળુસિંહ બિહોલા હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૧,૯૪૦નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રસીકરણને વેગવાન બનાવવા ITI ખાતે બે દિવસીય કાર્યશાળા

**રાજ્યમાં એકપણ બાળક રસીકરણથી વંચિત ન રહી જાય તે અંગે આગોતરું આયોજન રાજ્યના આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.**




ગાંધીનગર,તા.૨૭

રસીકરણને ઝુંબેશના રૂપે હાથ ધરવામાં આવે અને આ રસીકરણ કામગીરીમાં કોઈપણ અવરોધ કે અગવડ ન સર્જાય અને રસીકરણ અંગે સકારાત્મક વ્યવહાર પરિવર્તન થાય તે વિશે માર્ગદર્શન પૂરું પાડવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા યુનિસેફના સહયોગથી આઈ.આઈ.ટી.- ગાંધીનગર ખાતે બેદિવસય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ (ADHO), જિલ્લા માહિતી, શિક્ષણ, પ્રચાર અધિકારીશ્રીઓ (DIECO) અને જિલ્લા સામાજિક વ્યવહાર પરિવર્તન સંચારકો (DSBCC) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્ય શાળામાં રસીકરણ સેવાનો વ્યાપ વધે અને લક્ષિત સમુદાય સામેથી જ રસી લેવા માટે તૈયાર થાય તે અંગેનો વ્યવહાર ઉભો કરવા તથા રસીની સલામતી, તેની અસરકારકતા તેમજ રસી પ્રત્યે વિશ્વાસ ઉભો થાય તે બાબતોને આવરી લઈ વિવિધ મુદ્દાઓ અંગે નિષ્ણાતો અને તજજ્ઞો દ્વારા છણાવટપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.




મહુડી ખાતે યોજાયેલા જિલ્લા ફેર બદલી કેમ્પ માં માણસા ધારાસભ્ય જે.એસ. પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ તથા અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## આવતીકાલે સેકટર-૨-ડીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૭

માં મેલડી આનંદ ગરબા મંડળ સેકટર- ૩ દ્વારા લતાબેન પૂનમચંદ પટેલ, સેકટર -૨-ડી પ્લોટ નં. ૧૬૮૭/૨ ખાતે તારીખ ૨૯ જુલાઈના રોજ બપોરે ૨ થી ૫ કલાકે આનંદનો ગરબો યોજાશે.




દહેગામ ડેપો ખાતે EPFO ના સહયોગથી સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં ડેપો મેનેજર શ્રી ડી. એન. ઓડ, EPFO ઓફિસ માંથી મનીષભાઈ પરમાર તેમજ ડ્રાઈવર અને કંડકટર હાજર રહ્યા હતા. જેમાં કર્મચારીઓને પેન્શન સ્કીમ માટે માર્ગદર્શન આપવામાં આવેલ.

# બાલવા પ્રા. શાળામાં મારી શાળા હરિયાળી શાળા કાર્યક્રમ યોજાયો



આ કાર્યક્રમમાં સંકલ્પ વૃક્ષ વડનું વાવેતર કરવામાં આવ્યું હતું.જેના જતન અને ઉછેર ની સઘળી જવાબદારી સી.આર.સી કોર્ડીનેટર રાજુભાઈ પટેલ દ્વારા સ્વીકારવામાં આવી હતી. શાળાના મેદાનમાં બીજા ૨૦ જેટલા વૃક્ષો નું વાવેતર કરવામાં આવ્યું હતું .જેમાં જિલ્લા માંથી પધારેલા જીજ્ઞાબેન(ટી ટી ,સમગ્ર શિક્ષા),શાળાના આચાર્ય શિક્ષક ગણ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં માતા મરણ અટકાવવા જોખમો સામે અટકાયતી પગલાનું માર્ગદર્શન

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા જોખમી સગર્ભા સાથે એસ.બી.સી.સી. ટીમ દ્વારા આજે ૧૯ મી બેઠક કરવામાં આવી જેમાં માતા મરણ અટકાવવા અને માતા મૃત્યુદર ને એક આંકડામાં લઈ જવા માટે આપણે સૌ અથાગ પ્રયત્ન કરી રહ્યા છીએ. તેમ છતાં વખત તો વખત જોખમી સગર્ભામાં વધારો જોવા મળે છે. આ જોખમી સગર્ભાનું વહેલામાં વહેલી તકે સારવાર, નિદાન અને કાઉન્સિલિંગ થઈ શકે અને માતા મરણ અટકાવી શકાય તે માટે અગમચેતીના પગલાં ના ભાગરૂપે માન્ય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ એ. જે. વૈષ્ણવ સાહેબના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર તાલુકાના પ્રા.આ.કે. ઉનાવા ખાતે જોખમી સગર્ભા સાથે મિટિંગનું આયોજન પર આ મિટિંગમાં જીલ્લા કક્ષાએથી એસ.બી.સી.સી ટીમ ડૉ.નેહલ ગજેરા, રીચા પટેલ ,તાલુકા એસ.બી.સી.સી મેમ્બર કપિલાબેન પટેલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના મેડિકલ ઓફિસરશ્રી તેમજ પ્રા.આ.કે સ્ટાફે હાજરી આપેલ .ઉકત મિટિંગમાં પ્રા આ કેન્દ્રની તમામ જોખમી સગર્ભા, ઓછું વજન, હાઈપર ટેન્શન, વ્યસન કરતી મહિલા, મલ્ટીપારા તેમજ રેજીટન્સ સગર્ભા ને બોલાવી ને એમની સાથે પોષણ યુક્ત આહાર સગર્ભા અવસ્થા દરમ્યાન રાખવા ની થતી સાવચેતી અને યોગ,પ્રાણાયામ વિશે સમજણ આપવામાં આવી. એ દિવસે પ્રા.આ.કે. પર આર્યન સુક્રોઝ , એફ. સી.એમ.ઈન્જેકશન ની વ્યવસ્થા હતી. આ મિટિંગમાં આવેલ સગર્ભાને કેળા આપવાની વ્યવસ્થા મેડિકલ ઓફિસર દ્વારા કરવામાં આવ્યુ હતુ.



**PUBLICATION**

**CNR No.MHLC040010322017**
**Adv. K. L. Rathod**
Summons for Disposal of Appln. (Rule-23),
WC. Rules (1924 Claim Rs.

**IN THE COURT OF THE COMMISSIONER FOR EMPLOYEES' COMPENSATION IN THE III LABOUR COURT AT THANE.**
**BEFORE SMT. D.A.DOIPHODE, JUDGE**
**COMMISSIONER FOR EMPLOYEE'S COMPENSATION.**
**APPLI.(WCA) No. 407/C-64/2017**

**Mr. Virendrakumar @ Virendra Mohanlal Patel** ...Applicant/s
V/s.
**Hansaben Dipakbhai Patel** ...Opponents

**NOTICE**

WHEREAS, the above named applicant has presented an application in this Court against you for compensation in respect of the injuries received by him/death of by accident said to have arisen out of and in the course of his employment as stated in the accompanying copy of the application. You are hereby summoned to appear in this Court, in person or by a pleader or any other person duly authorized in writing and able to answer all material questions relating to the application of who shall be accompanied by some other person able to answer all such questions on Dt.05/08/2023, at 11.00 A.M. to answer the claim: and as the day fixed for your appearance is appointed for the final disposal of the application, you must be prepared to produce on that day all the witness upon whose evidence and all the documents upon which you intent to rely in support of your defense. Under rule 27 of the Employees' Compensation Rules, 1923, you are hereby required to file written statement IN DUPLICATE on or before Dt.05/08/2023.

Take notice that in default of your appearance on the day before mentioned the application will be heard and determined in your absence.

**No. 4664**
**Office of the Labour Court**
Office Complex M.I.D.C. Bldg.,
2nd & 3rd Floor, Mulund Check Naka
Thane(W) - 400 604.
Dt. 15/7/23
AMK 06/07 (U-9)

LABOUR COURT THANE

By Order,
Sd/-
**I/c. Secretary,**
**Labour Court, Thane.**

To,
**1) Hansaben Dipakbhai Patel**
At : 23, Sarkari Row House, Opp. Honey Park, Honey Park Road, Adajan, Surat (Opp Sarita), State Gujrat 395009.